**ક્રિમિનલ કેસ નં.૪૫૪/૨૦૨૬**

**-:- આંક-૧ નીચેનો હુકમ -:-**

આરોપી સામે બી.એન.એસ.ની કલમ- ૨૮૧ તથા એમ.વી.એક્ટ-૧૭૭, ૧૮૪ ના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. જે સબંધેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસઆ અદાલતમાં આપેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે. જેથી આરોપીને સમજાવવામા આવેલ છે કે ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી. તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના ઉપરોકત શિક્ષાને પાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. હાલના કેસમા ગુન્હાનો પ્રકાર ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીની રજુઆત તથા ન્યાયનું હીત ધ્યાને લેતા તેમજ, અત્રેની કોર્ટ ધ્વારા રાષ્ટ્રીય લોક અદાલતમા સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન આવા પ્રકારના કેસોમા કબુલાત સ્વિકારી કેસો પુર્ણ કરાયેલ હોય જે નજર સમક્ષ રાખતા આરોપીને દંડ કરવો જોઈએ તેવુ ન્યાયનાહિતમા યોગ્ય જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે બી.એન.એસ ની કલમ- ૨૮૧ તથા એમ.વી.એક્ટ-૧૭૭,૧૮૪ ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી રુ. ૫૦૦ /- (અંકે રુપિયા પાંચસો પુરા) નો દંડ કરવામાં

આવે છે.આરોપી જો દંડ ની રકમ ન ભરે તો દિન–૭(સાત)ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

તારીખઃ ૧૪/૦૩/૨૦૨૬ **(શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)**

ઓલપાડ. **એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**ઓલપાડ જી.સુરત.**

**(જી.જે.૦૦૫૫૫)**

**(સ્પે. સીટીંગ)**

નાઝરનો રીપોર્ટ કે દંડ રસીદ નં. ...... થી રૂા.૫૦૦/– (અંકે રુપિયા પાંચસો ) પુરા જમાં લીધા.
તા.૧૪/૦૩/૨૦૨૬

નાઝર